卐卐
卐卐

# શ્રી આત્માનંદ પ્રકાશ



**હે પુણ્યાત્મન્ ! સાંભળ!**

**આધિ, વ્યાધિ અને ઉપાધિથી** ભરેલા તેમજ જરા પણ સાર વિનાના એવા આ સંસારમાં સાર છે માત્ર એક જિનશાસન. તેથી તું વિધિપૂર્વક શ્રી જિનશાસનની ઉપાસના કર કે જેથી ત્હારી આધિ, વ્યાધિ અને ઉપાધિઓનો અંત આવે.

卐卐
卐卐


પુસ્તક : ૮૫ જેઠ પ્ર. આત્મ સંવત ૯૪
જુન વીર સંવત ૨૫૧૩
અંક : ૮ ૧૯૮૮ વિક્રમ સંવત ૨૦૪૪

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | સ્તવન | — | ૧૧૭ |
| ૨ | ૯. તપનો પ્રભાવ | મૂળ પ્રવચનકાર : આ. શ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી મહારાજ<br>ગુજરાતી રૂપાંતર : શ્રી કુમારપાળ દેસાઈ | ૧૧૮ |
| ૩ | પ્રબુદ્ધ જીવનનો ૫૦માં વર્ષમાં પ્રવેશ | ડૉ. રમણલાલ ચી. શાહ | ૧૨૩ |
| ૪ | મજહબ નહી સીખાતા........ | કુ. જ્યોતિ પ્રતાપરાય શાહ | ૧૨૪ |
| ૫ | સાચી ક્ષમાપના ક્યારે ? | પ્રફુલ્લ જે. સાવલા | ૧૩૦ |


આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

## ૧. શ્રી હિંમતલાલ રતિલાલ વોરા ભાવનગર
## ૨. શ્રી સંજયકુમાર શરદચન્દ્ર ઠાર ભાવનગર
## ૩. શ્રી વિનુભાઈ વાડીલાલ શાહ ભાવનગર

શ્રી જૈન આત્માનંદ સભાનો ૯૨ મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર સંવત ૨૦૪૪ના પ્ર. જેઠ વદ ૬ ને તા. ૫-૬-૮૮ના રોજ ઉજવવામાં આવ્યો હતો, આ પ્રસંગે સવારમાં શ્રી તાલધ્વજગિરિ ઉપર રાગરાગણી પૂર્વક પુજા ભણાવવામાં આવી હતી. સભ્યોની સંખ્યા સારી હતી.

શ્રી સભાના આવેલ સભ્યોની સવારે સાંજે સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

# અવસાન નોંધ

શ્રી તનસુખરાય દુર્લભદાસ (મોતીવાળા) સં. ૨૦૪૪ના પ્ર. જેઠ વદ ૨ તા. ૧૦-૬-૮૮ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ધાર્મિક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબ પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરી તેમના આત્માને પરમ શાન્તિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૫] ● વિ. સં. ૨૦૪૪ જેઠ પ્ર. જુન ૧૯૮૮ ● [અંક : ૮

## સ્તવન

મેરે સાહિબ તુમ હી હો, પ્રભુ પાસ જિણંદા,
ખિજમતગાર ગરીબ હું, મે તેરા બંદા. મેરે૦ ૧

મે ચકોરકરૂ ચાકરી, જબ તુમ હી ચંદા,
ચક્રવાક મેં રહું, જબ તુમ હી દિણંદા. મેરે૦ ૨

મધુકર પરે મેં રણઝણું, જબ તુમ અરવિંદા,
ભકિત કરૂં ખગપતિ પરે, જબ તુમહી ગોવીંદા. મેરે૦ ૩

જબ તુમ ગર્જિત ઘન ભયે, તબ મૈં શિખિ નંદા,
જબ સાયર તુમે મેં તદ્દા, સુર સરિતા અમંદા. મેરે૦ ૪

દૂર કરો દાદા પાસજી, ભવ દુઃખ કા ફંદા,
વાચક યશ કહે દાસ કું, દીજે પરમાનંદા. મેરે૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૮ તપનો પ્રભાવ

મૂળ પ્રવચનકાર :- આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સા.
ગુજરાતી રૂપાન્તર :- ડૉ. કુમારપાળ દેસાઈ

શરીરની ચોખ્ખાઈ માટે માનવી કલાકો સુધી ચોળી-ચોળીને નહાય છે. કપડાંની સફાઇ માટે જોર જોરથી સાબુ ઘસે છે. વાસણને સરસ રીતે ઉટકીને ચમકદાર રાખે છે અને ઘરમાં કચરો કે જાળાં જામી ગયા હોય તો એને ઝાડૂ વગેરેથી સાફ કરે છે. પરંતુ આવું કરતાં માનવીએ એ વિચાર કર્યો ખરો કે એના મન, બુદ્ધિ, ચિત્ત અને આત્મા પર કર્મો, વિષયવિકારો, કષાયો અને રાગદ્વેષનો જે મેલ અને કચરો જામી ગયો છે તેને કઇ રીતે સાફ કરવો ? મન આદિની શુદ્ધિ અને સફાઈનું સાધન તપ છે. તપથી માત્ર શુદ્ધિ જ થતી નથી બલકે ગુણવૃદ્ધિ થાય છે અને સિદ્ધિ સાંપડે છે.

આજના જમાનામાં લોકો સિદ્ધિઓ અને ચમત્કારોની પાછળ દોડે છે એવા સસ્તા ઉપાયો શોધે છે કે જેમાં એમને કશું કરવાનું ન હોય અને એમનું કામ થઈ જાય, 'हींग लगे न फिटकरी रंग चोखा होजाय' એ કહેવત મુજબ આવી વ્યક્તિઓ પોતાના મન, બુદ્ધિ, પ્રકારનો ઇન્દ્રિય, જીવન આદિ કશાય પર કોઈ પણ સંયમ, નિગ્રહ, સાધના કે તપશ્ચર્યા કરતા નથી. અને શુદ્ધ ધર્મપાલનની કશી ખેવના રાખતા નથી। એમણે સાધનાના કોઇ પ્રકાર વિશે કશુ સાંભળ્યું પણ હોતુ નથી. તેઓ તો ધનના પાછળ દોટ લગાવીને શરીર અને ઇન્દ્રિય સુખમાં રમખાણ રહીને સિદ્ધિઓ મેળવવા ચાહે છે આ સિદ્ધિઓ કે લબ્ધિઓ એવી ગુલામ ઓછી છે કે જેને તમે ઈચ્છો અને તે હાથ જોડીને તમારી સામે ઊભી રહે. એની પ્રાપ્તિ તો દીર્ઘકાળ સુધી નિરંતર બાહ્ય અને અંતરના તપની સાધનાથી થાય છે.

તપશ્ચર્યાથી સૌથી મોટી સિદ્ધિ એ સાંપડે છે કે મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને શરીર બધા પર વ્યક્તિનો પોતાનો કાબૂ આવે છે અને એના ઇચ્છા મુજબ એ બધા વર્તે છે. શુદ્ધ અને સંયમશીલ મન, વાણી, બુદ્ધિ, ઇન્દ્રિયોના વિચારો, ચેષ્ટાઓ, કાર્યો, વચનો આદિનો આખા વિશ્વ પર અચૂક પ્રભાવ પડે છે. આવા તપસ્વીની વાણીમાં એવી શક્તિ હશે કે એનો એક શબ્દ સમાજ પર ઘણો મોટો પ્રભાવ પાડશે. પાપીઓમાં પણ પાપી અને ક્રૂરમાં પણ ક્રૂર એવી વ્યક્તિનું હૃદય એની વાણીથી પીગળી જશે. એનો હસ્તસ્પર્શ જ રોગીઓ, દુઃખીઓ અને પીડિતોને સ્વસ્થ, શાંત અને આશ્વસ્થ કરશે. વિરોધીમાં પણ વિરોધી એવી વ્યક્તિના હૃદયમાં એની આંખોમાંથી ઝરતું વાત્સલ્ય સ્નેહનો સંચાર કરશે અને પતિતોને તે પાવન કરશે. આમ કલ્યાણ, શાંતિ અને પ્રેમથી સર્વત્ર સુખશાંતિ ફેલાવશે અને આનંદ જન્માવશે. એના પગની ચરણરજ પડતાં જ કલહ, કલેષ. દ્વેષ તથા વેર વિરોધ શાંત થઈ જશે. એના નિવાસસ્થાનની આજુબાજુનું વાતાવરણ અને પરમાણુ પણ શુદ્ધ થઇ જશે.

દીર્ઘતપસ્વી ભગવાન મહાવીરનું એક જ પ્રવચન સાંભળીને લોકોનું જીવન કેમ બદલાઈ ગયું ? અર્જુનમાળી જેવા હત્યારાનું જીવન એક જ વાર ભગવાન મહાવીરની વાણી સાંભળવાથી કેમ બદલાઈ ગયું ? આજે તો તમે ઘણા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવચનો સાંભળો છો, પણ આવું પરિવર્તન કેમ થતું નથી? ભગવાન મહાવીરની વાત્સલ્ય-ભરી અમૃતદૃષ્ટિ પડતાં જ ચંડકૌશિક સર્પ ક્રૂરમાંથી શાંત અને પતિતમાંથી પાવન કેવી રીતે થઈ ગયો? દાસી તરીકે રાજકુમારી ચંદનબાળાને બજારમાં વેચવા માટે ઊભી રાખવામાં આવી હતી અને એક વેશ્યા એને બળજબરીથી લઈ જવા માગતી હતી ત્યારે વેશ્યા પર અચાનક વાંદરો કૂદ્યો અને એને બચકા ભરી લીધા. પરંતુ તપસ્વિની ચંદનબાળાનો સાંત્વનપૂર્ણ અમૃતમય હસ્તસ્પર્શ થતાં જ વેશ્યા ઘાયલ થઈ હતી, છતાં એનામાં સંજીવની શક્તિ કઈ રીતે આવી ગઈ? ઈશુ ખ્રિસ્ત અને ચૈતન્ય મહાપ્રભુનો હાથ અડતાં જ રક્તપિત્તના રોગીઓ સ્વસ્થ થઈ જતાં હતાં કારણ કે આ બધાની પાછળ શુદ્ધ તપશક્તિનો પ્રભાવ હતો.

દૂરની વાત કરવી શું કામ? મહાત્મા ગાંધીજી સ્વરાજ્યને માટે આંદોલનકાળમાં ઉપવાસોની ઘોષણા કરતાં હતા ત્યારે ચર્ચિલનું આસન ડોલવા લાગતું હતું. ગાંધીજીની તપશ્ચર્યાનો અચૂક પ્રભાવ પડતો. આથી જ 'વિષ્ણુધર્મોત્તર'માં કહ્યું છે—

'यद्दूरं यद्दुराराध्यं यच्च दूरे व्यवस्थितम् ।
तत्सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥

'જે દૂર છે. જે સાંપડવું દુર્ગમ છે અને જે વસ્તુ બહુ દૂર રહેલી છે તે બધી જ તપથી સાધી શકાય કારણ કે તપ એ દૂરતિક્રમ છે.'

એક બીજી વાત 'તત્ત્વાર્થ સૂત્ર' કહે છે.

'तपसा निर्जरा च'

એટલે કે તપશ્ચર્યાથી કર્મોના એક અંશનો ક્ષય થાય છે. જેને નિર્જરા કહેવામાં આવે છે એ દૂર થાય છે.

તપથી કર્મ કઈ રીતે જુદું પડે છે એને માટે એક વ્યવહારિક દૃષ્ટાંત જોઈએ. એક વાસણમાં માખણ નાખીને એને ખૂબ તપાવવામાં આવ્યું. એને એટલું ગરમ કરવામાં આવ્યું કે માખણ ઓગળી ગયું. અને એમાંથી કચરો, મેલ તથા છાશના અંશ નીકળ્યા. પણ શુદ્ધ ઘી અલગ થઈ ગયું.

આવી રીતે તપથી શરીરને બરાબર તપાવવામાં આવે તો એના આત્મગુણરૂપી માખણ તો મળે છે, બલ્કે એની સાથે જોડાયેલો કર્મરૂપી મેલ, વિષય કષાય જેવા ઝઘડાઓ રૂપી કચરો અને વાસનારૂપી છાશનો અંશ જુદો પડી આવે છે.

## કર્મબંધની ક્ષીણતામાં સહાયક

એક એવો પ્રશ્ન થશે કે આત્મા પોતે તદ્દન શુદ્ધ બુદ્ધ છે તો પછી એના પર કર્મમેલ કઈ રીતે ચોંટી જાય? કર્મમેલ ચોંટવાની રીત એક જ છે કે જુદી જુદી? વળી એ બંધન જેના માધ્યમથી આત્માનું કર્મોની સાથે હળવા-ભળવાનું થાય છે તે એક જ પ્રકારે થાય છે કે ઘણા પ્રકારે? આના જવાબમાં જૈન દર્શન કહે છે કે કર્મ વર્ગણાના પુદ્ગલ આ જગતમાં સર્વત્ર રહેલા છે. જે કર્મ બાંધવામાં યોગ્ય પુદ્ગલોનો આત્માની સાથે બંધ થાય છે તે સમુચ્ચય (પિંડ)ના રૂપે એક જગ્યાએ જોડાઈ જાય છે. જેને કર્મવર્ગણા કહેવામાં આવે છે. આ કર્મોના પિંડ જુદા જુદા ભાવો-પરિણામો અનુસાર તીવ્ર, મંદ કે મધ્યમના રૂપમાં આત્માની સાથે બંધ (મેળાપ) પામે છે.

આ રીતે બંધ ચાર પ્રકારના હોય છે. ૧. સ્પૃષ્ટ ૨. બદ્ધ ૩. નિધત્ત અને ૪. નિકાચિત. આને સ્પષ્ટ રીતે સમજવા માટે એક સ્થૂળ ઉદાહરણ જોઈએ.

કોઈ વ્યક્તિ દીવાલ પર મૂઠી ભરીને રેતી નાખે તો તે રેતી દીવાલ પર ચોંટી રહેવાને બદલે તરત વિખરાય જશે અને નીચે પડી જશે. આવી રીતે જે આત્મામાં રાગદ્વેષનું ચીકણાપણું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોતું નથી, તે પેલી દિવાલ જેવો છે જેના પર કર્મરૂપી રજ આત્મારૂપી દિવાલ પર ટકવા કે ચોંટવાને બદલે એ તરત જ ખરી પડશે. માત્ર કર્મરજનો સહેજ સ્પર્શ થશે અને તે દૂર થઇ જશે. આ રીતે કર્મબંધનો સહેજ સ્પર્શ થાય તેને 'સ્પૃષ્ટ' પ્રકારનો બંધ કહીએ છીએ. તીર્થંકર કે વીતરાગી આત્માઓ રાગ-દ્વેષથી દૂર હોય છે તેથી કર્મરજ એમની આત્મારૂપી દિવાલ સાથે ફક્ત અથડાઈને જ નીચે પડે છે. આવી જ રીતે કોઇ વ્યક્તિ દિવાલ પર ભીની માટીનો પિંડ બનાવીને ફેંકે તો માટી ભીની હોવાથી થોડીવાર દિવાલ પર એ ચોંટી જશે, પરંતુ સમય જતાં એ સૂકાઇ જશે અને નીચે પડી જશે. આવી જ રીતે રાગદ્વેષથી સહેજ ભીની થયેલી કર્મરજ આત્મારૂપી દિવાલ સાથે પિંડ રૂપે ચોંટી જાય છે અને પ્રતિક્રમણ પશ્ચાતાપ આદિ તપનો તાપ લાગવાથી એ કર્મરજ સૂકાઇને નીચે પડી જાય છે. આ પ્રકારના કર્મના બંધનોને 'બદ્ધ' પ્રકારનો કર્મબંધ કહેવામાં આવે છે. આવી જ રીતે કોઇ ભીની દિવાલ પર પીળી માટી લગાડે તો તે દિવાલની સાથે મળી જાય છે અને તરત ખરી પડશે નહિ. આ પ્રકારે રાગદ્વેષ, કષાય અથવા વિષયવાસનાથી આર્દ્ર (ભીની) બનેલી આત્મારૂપી દિવાલ પર પીળી માટી સમાન અત્યંત ચીકણી કર્મરજ જ્યારે લિપ્ત થઇ જાય છે તો તે આત્માની સાથે દૂધ-પાણીની માફક ભળી જાય છે. આ પ્રકારના કર્મબંધનને 'નિધત્ત' બંધ કહે છે. વારંવાર દીર્ઘ તપ, જપ આદિ કરવાથી જ આવા બંધનમાંથી છૂટી શકાય છે. આવી જ રીતે કોઇ વ્યક્તિ પીળી માટી સાથે ઘઉંનું થૂલું, ભીંડાનો રસ, ગોળ અને બિલ્વ ફળનો ગર્ભ વગેરે અનેક વસ્તુ મેળવીને અને ઘણા દિવસ સુધી રાખીને એને સડવા દેવામાં આવે છે લાંબા સમય સુધી રાખીને એને સડવા દેવામાં આવે છે લાંબા સમય સુધી સડયા બાદ બધું એકસરખું થઈ જાય છે પછી દિવાલ પર એ લગાવવામાં આવે છે. આવા મસાલાથી મિશ્રિત પીળી માટીનો લેપ દિવાલ તૂટવા છતાં દિવાલથી છૂટશે નહિ. એ દિવાલની સાથે તરત ભળી જશે. આવી જ રીતે જે કર્મરજ તીવ્ર વિષય-કષાય પ્રબળ આસક્તિ અને તીવ્રતમ રાગદ્વેષ આદિના મસાલાથી એટલી બધી ગાઢ અને ન ઉખડે તેવી થઇ ગઇ હોય છે કે જેથી આત્મારૂપી દિવાલની સાથે એક વાર ચોંટયા પછી એને ભોગવ્યા વિના ફળ આપ્યા વિના- છૂટતા નથી. આવા પ્રકારના બંધનને 'નિકાચિત' બંધ કહેવાય છે. આ પ્રકારનો બંધ અવશ્ય ભોગવવો પડે છે. એના કર્મફળ ભોગવ્યા વિના આત્માનો પિંડ છૂટતો નથી.

એક વિશેષ દૃષ્ટાંતથી આ વાતને હું વધુ સ્પષ્ટ કરું.

સોયનો એક ઢગલો છે, પણ તે બધી સોયને કોઈ દોરથી બાંધવામાં આવેલી નથી. બધી સોય સાવ નજીક છે, તેમ છતાં જુદી જુદી છે. આ સહેજ હાથ અડાડતાં તે આમ તેમ વિખેરી શકાશે. આ રીતે જે કર્મ પાસે પાસે હોવા છતાં પિંડરૂપે નથી એમને પશ્ચાત્તાપ કે પ્રતિક્રમણ રૂપી હવાના સ્પર્શથી વિખેરી શકાશે. આ પ્રકારનું બંધન એ 'સ્પૃષ્ટ' બંધ છે. આ સોયને કોઇ દોરી વગેરેથી બાંધી દે તો તે તરત છૂટી પડશે નહિ. પણ દોરીનું બંધન છોડતાં જ એ વેરવિખેર થઇ જશે. કેટલાંક કર્મોનું બંધન દોરીથી બાંધેલી સોય સમાન હોય છે જે જલદી છૂટી જતા નથી. આવા બંધનને ધ્યાન, ભાવના, પ્રતિક્રમણ આદિથી ખોલવામાં આવે તો તે કર્મ છુટી શકે છે, આ પ્રકારના બંધનને 'બદ્ધ' બંધ કહેવામાં આવે છે. આવી રીતે કોઈ વ્યક્તિ આ બધી સોયને લોઢાના તારથી મજબૂત રીતે બાંધી દે તો વર્ષો સુધી એ જેમ હોય છે તેમ જ રહે છે. અને પછી કાટ લાગતા એ એકબીજા સાથે એટલી બધી જોડાઇ જાય છે કે એને છૂટી પાડવી મુશ્કેલ બને છે. ઘાસતેલ વગેરે લગાવીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એનો કાટ ઊતાર્યા પછી જ આ સોય છુટી પડી શકે. આ પ્રકારના બંધનને 'નિધત્ત' બંધ કહેવામાં આવે છે. આમાં કર્મોનો કાટ એટલો બધો લાગ્યો હોય છે કે ઉત્કટ તપ-જપ આદિને પરિણામે એ ઉતરી શકે છે અને ત્યારે જ એ કર્મ વિખરાઇ શકે છે. કોઈ આ બધી સોઈને એકઠી કરીને ભઠ્ઠીમાં તપાવી ખૂબ હથોડા લગાવીને એક લોખંડનો ટુકડો બનાવી દે તો સોયને અલગ કરવાનું તો ઠીક પણ એને ઓળખવાનું પણ કઠિન બને છે. આવી રીતે જે કર્મસમૂહ અત્યંત તીવ્રતમ હોવાથી પિંડરૂપ બની જાય છે તેવા કર્મબંધનને 'નિકાચિત' બંધ કહેવામાં આવે છે. આ પ્રકારના કર્મબંધનું ફળ ભોગવ્યા વિના છુટકો હોતો નથી.

તપશ્ચર્યામાં એટલી શક્તિ છે કે અગાઉ કહેલા ત્રણેય પ્રકારના કર્મબંધોને એ ક્ષીણ કરી નાખે છે. આત્મા પર લાગેલા આ બંધનોને તે ખોલી નાખે છે. પછી તે બંધન સ્પૃષ્ટ હોય, બદ્ધ હોય કે નિધત્ત હોય. જ્યારે નિકાચિત પ્રકારના કર્મબંધનથી તપ સર્વથા મુક્તિ અપાવતું નથી. કારણ કે કર્મબંધનના ફળ ચોક્કસ ભોગવવા પડે છે. પણ તપથી નિકાચિત કર્મબંધને શિથિલ કરી શકાય છે. આ પ્રકારના કર્મબંધનને પાતળા કરી શકાય છે. અને શૂળીની સજાને શૂળની સજામાં ફેરવી શકાય છે. તપના પ્રભાવથી નિકાચિત બંધનના રૂપમાં બંધાયેલા કર્મો પણ અવશ્ય હળવા થાય છે, પરંતુ એ એનું ફળ આપ્યા વિના રહેતા નથી. કોઈ વ્યક્તિ એક તોલો અફીણ ખાઈ લે તો એ ઝેરી નશાથી મરી જશે, પણ જો એક તોલો અફીણ દસ-વીસ મણ પાણીમાં ઘોળીને પીશે તો તે મરી નહિ જાય પણ તેને અફીણનો નશો તો ચડવાનો. આવી રીતે ઉત્કટ તપના પ્રભાવથી નિકાચિત કર્મબંધનની અસર ઓછી થાય છે, એ પાતળા પડી જાય છે પણ એનું ફળ તો ભોગવવું જ પડે છે.

દીર્ઘ તપસ્વી ભગવાન મહાવીર પોતાના એક પૂર્વજન્મમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ રાજા તરીકે પોતાના શય્યાપાલકના કાનમાં ઊકળતું ગરમાગરમ સીસું રેડાવ્યું હતું. આના ફળસ્વરૂપે નિકાચિત રૂપથી કર્મબંધ થયો અને એ દુષ્કર્મનું ફળ તીર્થંકર મહાવીરને પોતાના કાનમાં શૂળ ભોંકાવા સુધીના અપાર કષ્ટરૂપે ભોગવવું પડયું. ભગવાન મહાવીરે છ-છ મહિનાની, ચાર-ચાર મહિનાની, બે-બે મહિનાની અને એક-એક મહિનાની તપશ્ચર્યાથી પેલા કર્મબંધનને શિથિલ કરી દીધું હતું. અપાર સમભાવથી કટુ કર્મફળ ભોગવીને એમણે નવા કર્મનો પ્રવાહ રોકી દીધો.

આ છે તપનો પ્રભાવ. જેનાથી, આત્માની સાથે દૂધ-પાણીની માફક ભળી ગયેલા કર્મોને જુદા કરી શકાય છે અને આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય છે.

## સામૂહિક તપ

તપથી વ્યક્તિગત જીવનની શુદ્ધિ થાય છે અને એવી જ રીતે સામાન્ય જીવનની પણ શુદ્ધિ થાય છે. જેમ વ્યક્તિગત રીતે કર્મ બંધાય છે એવી જ રીતે સામુદાયિક કર્મ પણ હોય છે જે એક સાથે બંધાતા હોય છે. એક જ નાટયગૃહમાં બેઠેલા પ્રેક્ષકોમાં ઘણી વાર એક સરખુ પરિણામ આવતા એક સાથે કર્મબંધ થાય છે આવી જ રીતે એક ગામ કે સંસ્થા ઉન્નતિ પામે કે અવનતિ પામે અથવા તો એક રાષ્ટ્ર પરાધીન થાય કે સ્વાધીન થાય તો તેમાં પણ સામુદાયિક શુભ-અશુભ કર્મો જ કારણ રૂપે હોય છે. સામુદાયિક રૂપે જેમ કર્મબંધ થાય છે તેમ સામુદાયિક રીતે કર્મોનો ક્ષય પણ થાય છે અને તે સામૂહિક રૂપે તપના આચરણથી શકય બને છે. મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ દ્વારા આ વાતને સિદ્ધ કરી બતાવી છે.

સમાજમાં અનિષ્ટનું જોર વધી ગયું હોય ત્યારે કેટલીક પવિત્ર અને સદાચારી વ્યક્તિઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકાગ્રત થઇને અનિષ્ટ કે અહિતકર વસ્તુને દૂર કરવા માટે સામૂહિક રૂપે તપ કરીને સમાજ પર પ્રભાવ પાડે છે. જેને પરિણામે અનિષ્ટ (દુષ્કર્મ-જનિત)નો ક્ષય થાય છે.

## તપથી ધર્મ—લાભ

ધાર્મિક દૃષ્ટિએ થતાં તપના લાભની વાત તો જાણીતી છે. એનો લાભ દર્શાવતા કહેવાય છે—

"यत्किंचिदेनः कुर्वन्ति मनोवाक्कर्मभिर्नराः।
तत्सर्वं विनश्यन्त्याशु तपसैव तपोधनाः।"

"મન, વચન કે કર્મથી તપસમૃદ્ધ વ્યક્તિ જે કાંઈ પાપ કરે છે તેને તપથી જ તરત નષ્ટ કરે છે."

પ્રાચીનકાળમાં શ્રાવક-શ્રાવિકાઓ મહિનામાં ઉપવાસ સહિત છ પૌષધ કરતા હતા પૌષધમાં શરીર અને શારીરિક આળપંપાળની સાથેસાથ વ્યાવસાયિક ખટપટથી નિવૃત્ત થઇને નિશ્ચિંતતાથી તેઓ પોતાનું આત્મનિરીક્ષણ, કર્તવ્ય-ચિંતન, જીવનશોધન આદિ કરતા હતા. આવી રીતે પર્વ-તિથિઓમાં પણ ઉપવાસ આદિ કરતા હતા. આજે પૌષધને માટે કદાચ તમને એટલો સમય મળતો નહિ હોય, પરંતુ ઓછામાં ઓછું અષ્ટમી અને ચતુર્દશીએ તો ઉપવાસ કે એકાસણું જરૂર કરવા જોઈએ. સશક્ત સાધુ-સાધ્વીઓ માટે શાસ્ત્રમાં અષ્ટમી, ચતુર્દશી આદિ તિથિઓ ઉપરાંત સમાજ પરના ઉપસર્ગાદિ સમયમાં તપ કરવાનું વિધાન છે

## માનવ આરોગ્યને ઉપકારી

શારીરિક દષ્ટિએ તપથી અનેક લાભ થાય છે આજકાલ રોજ નવા નવા રોગોના નામ સાંભળવા મળે છે. જો આખા સમાજમાં બાહ્ય તપ (અનશન, એકાસણું, આયંબિલ, ઉણોદરી વગેરે)નો પ્રચાર વધે તો અનેક રોગોથી બચી જવાય છે. દવા અને ડોકટરની પાછળ ખર્ચાતા લાખો રૂપિયા બચાવી એનો સદુપયોગ સમાજના અનાથ, નિઃસહાય, દુઃખી, નિર્ધન તેમજ મધ્યમવર્ગના ભાઈ-બહેનોને સ્વાવલંબી બનાવીને નીતિ ધર્મ પર સુદૃઢ રાખવા માટે ખર્ચી શકાય. ઉપવાસ, ઉણોદરી વગેરે કરવાથી જે અનાજ બચે એ અનાજ જે શહેર કે જિલ્લામાં અનાજની તંગી હોય ત્યાં મોકલીને ધર્મલાભ પામી શકાય. આમેય ઉપવાસ ઉણોદરી આદિ પ્રકારનું તપ કરનારનું સ્વાસ્થ્ય એકાએક બગડતુ નથી કારણ કે મોટાભાગની બિમારી યોગ્ય આહારની ઉપેક્ષામાંથી જન્મતી હોય છે.

જડ યંત્રો પણ આઠ દિવસ કામ કરે છે. પછી એમાં જામી ગયેલા કાટ કે કચરાને દૂર કરવા માટે એને એક દિવસ આરામ આપવામાં આવે છે. આ ચેતન શરીર યંત્રને પણ એની અંદર એકઠો થયેલો મળ આદિની સફાઈ માટે આંતરડામાં જામી ગયેલા કફ, શ્લેષ્મ, પિત્ત આદિને સાફ કરવા માટે આઠ દિવસે નહિ તો પણ ઓછામાં ઓછું પંદર દિવસે એક દિવસ તપ કરવુ જોઇએ આનાથી શરીર પણ સ્વસ્થ રહેશે. શરીર સ્વસ્થ રહેતાં મન પણ સ્વસ્થ અને સ્વસ્થ મનમાં સુંદર વિચાર આવી શકે. આથી મન અને શરીરના સ્વસ્થતા માટે તપ આવશ્યક છે. સ્વસ્થ મનમાં કામવિકારજય, પરિષહજય, કષાયજય આદિના ઉત્તમ વિચારોના ઉદયની સાથેસાથ આધ્યાત્મિક વિકાસ પણ થશે. આથી જ તપ બધી રીતે લાભદાયક હોવાથી એ માનવજીવનનું અંગ બનવું જોઈએ.

સ્થળ—જૈનભવન; બીકાનેર તા. ૨-૮-૪૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'પ્રબુદ્ધ જીવન'નો પચાસમાં વર્ષમાં પ્રવેશ

ડૉ. રમણલાલ ચી. શાહ

તારીખ ૧લી મે ૧૯૮૮ના અંકથી 'પ્રબુદ્ધ જીવન'ને પચાસમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

સંસ્થાના એક વૈચારિક મુખપત્રનું, જાહેરખબર ન લેવાની નીતિ સહિત સતત પાંચ દાયકા સુધી પ્રકાશિત થવું એ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસની એક નોંધનીય ઘટના ગણાય એના પાયામાં સમર્થ, સંનિષ્ઠ પુરોગામીઓનું તપ રહેલું છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના ઇ. સ. ૧૯૨૮ના નવેમ્બરમાં થઇ હતી. એની સ્થાપનાને આજે છ દાયકા જેટલો સમય થયો છે. તે સમયના કાર્યકર્તાઓએ પહેલી બેઠકમાં સંસ્થાનું નામ 'ધી જૈન યુથ લીગ મુંબઇ'એ પ્રમાણે રાખ્યું હતું, ત્યાર પછી થોડાક મહિનામાં ૧૯૨૯માં સંસ્થાનું બંધારણ ઘડાયા બાદ 'શ્રી મુંબઇ જૈન યુવક સંઘ' એવુ નામ રાખવામા આવ્યું હતું.

ત્યાર પછી સંસ્થાના કાર્યકર્તાઓએ સંસ્થાનું એક મુખપત્ર શરૂ કરવાનો નિર્ણય કર્યો. તે અનુસાર ઈ. સ. ૧૯૨૯માં 'મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા' નામનું એક સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું હતું. જે લગભગ બે વર્ષ સુધી પ્રગટ થતું રહ્યું હતું.

તે બંધ થયા પછી ઈ. સ. ૧૯૩૩માં થોડાક સમય માટે સંસ્થાના મુખપત્ર તરીકે 'પ્રબુદ્ધ જૈન'ના નામથી એક સાપ્તાહિક શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીના તંત્રીપણા હેઠળ શરૂ કરવામાં આવેલું: પરંતુ એમાં 'અમર અરવિંદ' નામની એક વાર્તા પ્રગટ થયેલી, જે બ્રિટિશ સરકારની દૃષ્ટિએ વાંધાજનક હતી. સરકારે એ વખતે ચેતવણી આપવા સાથે જામીનગીરી માગી. જામીનગીરી ભરવા કરતાં સંઘે સાપ્તાહિકનું પ્રકાશન બંધ કરવાનું નક્કી કર્યું. ત્યાર પછી ઈ સ. ૧૯૩૪માં 'તરુણ જૈન'ના નામથી સંસ્થાનું મુખપત્ર શરૂ કરવામાં આવ્યું હતું. તેના સંપાદક તરીકે શ્રી ચંદ્રકાંત સુતરીયા, શ્રી મણિલાલ મોકમચંદ શાહ અને તારાચંદ કોઠારીએ સેવા આપી હતી. ત્રણેક વર્ષ 'તરુણ જૈન'નું પ્રકાશન ચાલ્યું હતું.

આમ લગભગ એક દાયકા સુધી સંઘની પ્રવૃત્તિઓમાં અને તેના મુખપત્રમાં કેટલાક ફેરફાર થતા રહ્યાં. ઇ. સ. ૧૯૩૯માં સંઘની નવરચના થઇ. ત્યારપછી તા. ૧-૫-૧૯૩૯થી સંસ્થાના મુખપત્ર તરીકે 'પ્રબુદ્ધ જૈન' નામનું પાક્ષિક શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ મુખપત્રનું પ્રકાશન ત્યારથી આજ સુધી પચાસમાં વર્ષ એકધારું ચાલુ રહ્યું છે. (ઈ.સ. ૧૯૪૨ની ક્રાંતિના સમય દરમિયાન ચાર મહિના માટે 'પ્રબુદ્ધ જૈન'નું પ્રકાશન સંજોગવશાત્ બંધ રહ્યું હતું.)

ઈ. સ ૧૯૩૯માં 'પ્રબુદ્ધ જૈન' પ્રગટ થયું ત્યારે તેના તંત્રી તરીકેની જવાબદારી શ્રી મણિલાલ મોકમચંદ શાહે સ્વીકારી હતી, પરંતુ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તેના સમગ્ર સંપાદનની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી હતી. સ્વ. મણિભાઈના અવસાન પછી ઇ. સ. ૧૯૫૧ થી શ્રી પરમાનંદ કાપડિયાએ 'પ્રબુદ્ધ જૈન'ના તંત્રી તરીકે જવાબદારી સ્વીકારી હતી, જે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમણે જીવવનાં અંત સુધી સારી રીતે વહન કરી હતી. આમ, ત્રણ દાયકાથી વધુ સમય સુધી સ્વ. પરમાનંદભાઇની એકધારી સનિષ્ઠિ સેવા 'પ્રબુદ્ધ જીવન'ને સાંપડી હતી.

પ્રબુદ્ધ જૈન'નું પ્રકાશન સૌ પ્રથમ થયું ત્યારે જૈન યુવક સંઘના તે સમયના બધા જ કાર્યકર્તાઓ ગાંધીજીની પ્રબળ અસર નીચે આવેલા હતા અને ગાધીજીએ જેમ 'હરિજન' કે 'હરિજનબંધુ જેવા સાપ્તાહિકો જાહેરખબર વિના પ્રકાશિત કરવાનુ ચાલુ કર્યું હતું, તે જ રીતે 'પ્રબુદ્ધ જીવન'ની બાબતમાં પણ કોઇપણ પ્રકારની જાહેર ખબર લીધા વિના સામયિક પ્રકાશિત કરવાની નીતિ એના આરંભકાળથી જ અપનાવાઈ હતી. તે નીતિ સદ્‌ભાગ્યે આજ દિવસ સુધી ચાલુ રહી છે, આરંભના સમયથી તે આજ દિવસ સુધી એના તંત્રીઓએ માનાર્હ સેવા આપી છે. આરંભના સમયમાં તો લેખકોને પુરસ્કાર પણ અપાતો નહિ અને ઘણી કરકસર પૂર્વક 'પ્રબુદ્ધ જૈન' પ્રગટ થતું રહ્યું હતું.

ઈ. સ. ૧૯૫૩મા સુપ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક કાકાસાહેબ કાલેલકરની પ્રેરણા અને ભલામણથી 'પ્રબુદ્ધ જૈન'ને બદલે 'પ્રબુદ્ધ જીવન' એવું નામ રાખવામાં આવ્યું અને તે આજ દિવસ સુધી ચાલુ છે.

સંસ્થાનું મુખપત્ર હોવાને કારણે તથા જાહેરખબર ન લેવાની નીતિ હોવાને કારણે 'પ્રબુદ્ધ જીવન જેવું વૈચારિક પત્ર આર્થિક દૃષ્ટિએ પગભર ન બની શકે એ સ્વાભાવિક છે. સદ્‌ભાગ્યે સંસ્થાનું આર્થિક પીઠબળ એને હંમેશાં મળ્યા કર્યું છે કે જેથી એનું પ્રકાશન અદ્યાપિ પર્યન્ત ચાલુ રહ્યું છે.

'પ્રબુદ્ધ જીવન'ને માટે સુદીર્ઘ સેવાઓ સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાએ આપી હતી, 'પ્રબુદ્ધ જીવન'ની સાથે તેઓ એકરૂપ બની ગયા હતા. અને પ્રત્યેક અંકમાં તેઓ જુદા જુદા વિષયો ઉપર પોતાની તંત્રીનોંધ લખતા. કેટલીકવાર તેઓ મુખપત્રના અગ્રલેખ તરીકે પોતાનો મૌલિક ચિંતનાત્મક લેખ પ્રગટ કરતા, તો કેટલીકવાર મુખ્ય લેખ તરીખે અન્ય કોઈ સમર્થ લેખકનો લેખ મૂકીને, અંદરના પાને તેઓ તંત્રીસ્થાનેથી જુદા જુદા વિષયો ઉપર નાની કે મોટી નોંધ મૂકતા, સહિત્ય. શિક્ષણ, ધર્મ, સમાજ અને રાજકારણ એમ જુદા જુદા ક્ષેત્રમાં બનતી તત્કાલીન ઘટનાઓ ઉપર તેઓ પોતાના પ્રતિભાવો વિચારો નિર્ભયપણે વ્યક્ત કરતા. એમાં પણ જૈન સમાજના પ્રશ્નો ઉપર તેમની કલમ વેધકપણે ચાલતી.

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનું તા. ૧૭–૪–૭૧ના અવસાન થયા પછી 'પ્રબુદ્ધ જીવન'નુ સુકાન સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સંભાળ્યું. સ્વ. ચીમનભાઇ આંતરરાષ્ટ્રીય ખ્યાતિના એક સમર્થ રાજકીય પુરુષ અને તત્ત્વચિંતક હતા. એમણે તત્કાલીન બનતી ઘટનાઓ ઉપર નાની મોટી તંત્રીનોંધ લખવાને બદલે પ્રત્યેક અંકમાં ધર્મ તત્ત્વજ્ઞાન, રાજકારણ, શિક્ષણ, સાહિત્ય ઇત્યાદ વિષય પર સ્વતંત્ર લેખ લખવા ચાલુ કર્યા સ્વ. ચીમનભાઈ વ્યવસાયે સોલિસિટર હતા રાજકારણમાં સક્રિય રસ અને ભાગ લેતા અને પાર્લામેન્ટના સદસ્ય હતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકારણનો એમનો અભ્યાસ ઘણો ઊંડો હતો. એટલે એવા વિષયો ઉપર એમના લેખો વધુ પ્રગટ થતા, કેટકેટલી ગંભીર સમસ્યાઓ ઉપર સ્વ. ચીમનભાઈનું મંતવ્ય શું છે તે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા જાણવા ઘણા વાંચકો ઉત્સુક રહેતા. કટોકટીના સમય દરમ્યાન એમણે નિર્ભયપણે પોતાની કલમ ચલાવી હતી. સ્વ. ચીમનભાઇનો ધર્મ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પણ ઘણો ઊંડો હતો અને એવા વિષયો ઉપર પણ તેમણે પોતાની સમર્થ કલમ ચલાવી હતી. એકંદરે, સ્વ. પરમાનંદભાઇનું વલણ સામાજીક સમસ્યાઓ ઉપર સવિશેષ રહ્યું હતું, તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. ચીમનભાઈનું લખાણ રાજકીય સમસ્યાઓ ઉપર સવિશેષ રહ્યું હતું.

નવેમ્બર, ૧૯૮૨માં ચીમનભાઈનુ અવસાન થયું, ત્યારપછી 'પ્રબુદ્ધ જીવન'ની જવાબદારી સંઘની કાર્યવાહક સમિતિએ મને સોંપી. સાહિત્યના અધ્યાપક તરીકે કામ કરનાર અને ધર્મચિંતનમાં વિશેષ રસ ધરાવનાર મારા જેવા માટે આ જવાબદારી વ્યવસાય અને લેખનની અન્ય પ્રવૃત્તિઓમાંથી સમય ફાજલ પાડવાની દૃષ્ટિએ ઘણી મોટી હતી. સ્વ. પરમાનંદભાઈ કાપડિયા અને સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ જેવા સમર્થ તંત્રીઓના અનુગામી તરીકે મારી પાત્રતા ઘણી ઓછી ગણાય. વળી રાજકારણ મારા રસનો જેટલો વિષય તેટલો અભ્યાસનો નહિ. એટલે એમની સરખામણીમાં મારી પાસેથી 'પબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે રાજકારણના વિષયો ઉપર લેખોની અપેક્ષા રખાય તે મારી પ્રવૃત્તિ અને સ્થિતિની મર્યાદા જોતાં ન સંતોષાય એ સ્વાભાવિક છે. મારી સમક્ષ બે પ્રશ્ન હતાઃ સ્વ. પરમાણંદભાઈ ચીમનભાઈની જેમ તત્કાલીન, સામાજિક કે રાજકીય વિષયો ઉપર અભ્યાસ કરી લેખ લખવા કાં તો મારી પ્રકૃતિને વફાદાર રહીને મારા રસ રુચિ અનુસાર વિભિન્ન વિષયો ઉપર લેખ લખવા પુરોગામીઓનુ માત્ર કરવા ખાતર અનુકરણ કરવાંને બદલે મારી જાતને વફાદાર રહેવું તે મને વધુ યોગ્ય લાગ્યું છે. એ સ્પષ્ટતા સાથે જ મેં આ સ્વૈચ્છિક માનાર્હ જવાબદારી સ્વીકારી છે. મને રુચે તે વિષય ઉપર લેખ લખવાનુ મેં સ્વીકાર્યું છે. એમાં દેખીતી રીતે જ જૈન ધર્મિક વિષયો ઉપર લેખ વધુ આવે તે સ્વાભાવિક છે 'પ્રબુદ્ધ જીવન' એક વૈચારિક પત્ર છે તેમ સાથે સાથે જૈન યુવક સંઘનું મુખપત્ર છે. એટલે એમાં જૈનવિષયોનુ પ્રમાણ વધતું એ છું રહ્યા કરે તો તે પણ સ્વાભાવિક અને નિર્વાહ્ય છે. 'પ્રબુદ્ધ જીવન'નો મુખ્ય વાચક વર્ગ એના સભ્યોનો છે, તેમ છતાં તે સાર્વજનિક પત્ર પણ છે. દૈનિકો અને સામાયિકોના વાચકોમાં એક વર્ગ એવો હોય છે જે વાર્તા, કટાક્ષલેખ, આરોગ્ય, રાજકારણ વગેરેમાં પોતાના કોઈ પ્રિય લેખકના બંધાણી થઈ જાય છે, અને એ લેખકનું કશું વાંચવામાં એને રસ નથી હોતો. એટલે કોઈપણ સામયિકમાં ફેરફારો થાય ત્યારે એનો એક પ્રકારનો વાચકવર્ગ ઘટે તો અન્ય પ્રકારનો વાચકવર્ગ વધે એમ બને.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતી લેખ સામગ્રીનું સ્વરૂપ સમયે સમયે બદલાયા કર્યું છે. એમાં વાચકોની અભિરુચી ઉપરાંત તંત્રીની પોતાની દૃષ્ટિ, રુચિ અને શક્તિએ પણ કાર્ય કર્યું છે. વસ્તુતઃ તંત્રીની જવાબદારી વાચકોની રુચિને ઘડવાની પણ હોય છે. એમાં વાર પણ લાગે છે. 'પ્રબુદ્ધ જીવન'ની જવાબદારી મેં સ્વીકારી ત્યાર પછી વિષયોનું વૈવિધ્ય વધે એ માટે પ્રયાસો કર્યા છે, માત્ર સામાન્ય વાચકોને જ લક્ષમાં રાખ્યા નથી. અધિકારી વાચકોને માટે ગહનગંભીર અભ્યાસનિષ્ઠ, ગ્રંન્થસ્થ કરી શકાય એવી લેખસામગ્રી આપવાનો પ્રયાસ પણ કર્યો છે.

વર્તમાન સમયમાં ભારતમાં ટી. વી.ના માધ્યમનો ફેલાવો દિનપ્રતિદિન વધતો આવ્યો છે. એટલે લોકોનો ફાજલ સમય વાંચવામાં જે વપરાતો હતો તેમાંથી ઘણો સમય હવે ટી. વી. જોવામાં વપરાવા લાગ્યો છે. વળી પ્રાસંગિક વાંચન સામગ્રીની દૃષ્ટિએ દૈનિકો અને તેના વિવિધ વિભાગો તથા સચિત્ર સાપ્તાહિકો ઘણો પ્રચાર પામ્યા છે. સામાન્ય જનતાને તત્કાલીન બનતી જતી ઘટનાઓના વિગતોમાં વિશેષ રસ હોય એ દેખીતુ છે. ખૂન, બળાત્કાર, ચોરી, આપઘાત, અકસ્માત, કાવતરા, મારામારી, લડાઇ, દુર્ઘટના, દુકાળ, આતંકવાદ, આંતરવિગ્રહ, રેલ ઈત્યાદિ પ્રકારની ઘટનાઓ વિષે રંગીન ફોટાઓ સહિત જેમાં સભર માહિતી આપવામાં આવી હોય તેવા પ્રકારના લખાણોમાં સામાન્ય વાચકોને રસ વધુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડે છે. સારી કમાણી કરતાં એવાં કેટલાંક સામયિકો સુસજ્જ લેખક કે ફોટોગ્રાફર દ્વારા ઘણી સારી માહિતી એકત્ર કરીને પ્રગટ કરે છે. એવાં વિવિધભાષી સાપ્તાહિકોના ફેલાવાની વચ્ચે વૈચારિક પત્રને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાનો પ્રશ્ન પણ ઘણો ગંભીર હોય છે. તો પણ આપણું સદ્ભાગ્ય છે કે ગુજરાતના કેટલાંક એવાં સામયિકો પ્રકાશિત થતાં રહ્યા છે. સામાન્ય દૈનિકો અને સાપ્તાહિકો કરતાં માત્ર લેખસામગ્રી પ્રગટ કરતાં વૈચારિક પત્રોનું કાર્ય, કાર્યક્ષેત્ર, ધ્યેય અને કર્તવ્ય જુદાં જુદાં હોય છે અને તેની અસર પણ લાંબા ગાળાની હોય છે. અલબત્ત આવાં સામયિકોનો સૌથી મોટો પ્રશ્ન તે પોતાનુ અસ્તિત્વ ટકાવી રાખવાનો હોય છે. વળી દૈનિક કે સાપ્તાહિક કરતાં પાક્ષિક કે માસિકને પોતાની વાચન-શામગ્રી વાસી ન આવી જાય તે જોવાનો પ્રશ્ન પણ મહત્ત્વનો હોય છે. અને એટલો જ મહત્ત્વનો પ્રશ્ન તે પોતાની સામગ્રીનું સ્તર જાળવી રાખવાનો હોય છે. વાર્તા કવિતા લખનાર કરતાં ચિંતનાત્મક લેખો નિબંધો લખનારા લેખકોનો વર્ગ ઘણો નાનો હોય છે, એટલે વૈચારિક પત્રને પોતાની સામગ્રી મેળવવાનો પ્રશ્ન પણ એટલો જ મહત્ત્વનો રહે છે.

સદ્ભાગ્યે જૈન યુવક સંઘના સભ્યોની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે. એથી પ્રબુદ્ધ જીવન'નો ફેલાવો ઉત્તરોત્તર વધતો રહ્યો છે. સંઘની સભ્યસંખ્યા સારી હોવાને કારણે 'પ્રબુદ્ધ જીવન' ને આર્થિક પીઠબળ પણ સારું રહ્યું છે. આમ છતાં કાગળ, મુદ્રણ, ટપાલ વગેરેના ખર્ચમાં ઉત્તરોત્તર જે રીતે વધારો થતો જાય છે તે જોતાં ભવિષ્યમાં ખર્ચના સમસ્યાને ગંભીર દૃષ્ટિથી વિચારીને આયોજન કરવાનું પ્રાપ્ત થશે.

'પ્રબુદ્ધ જૈન' અને પ્રબુદ્ધ જીવન'ના પ્રકાશનમાં આજ દિવસ સુધી જે કોઇ લેખકો, સંપાદન સમિતિના સભ્યો, વ્યવસ્થાપકો સંઘના તથા પ્રેસના કર્મચારીઓ વગેરેનો સહકાર સાંપડયો છે તે બદલ તેઓના અમે અત્યંત ઋણી છીએ.

'પ્રબુદ્ધ જીવન'નું પ્રકાશન ક્ષતિરહિત આદર્શ પદ્ધતિથી હમેશાં થયું છે એવો દાવો કોણ કરી શકે? 'પ્રબુદ્ધ જીવન'ની વ્યવસ્થા વિષયક કેટલીક મર્યાદાઓ રહ્યાં કરી છે. એથી સંઘના કેટલાક વાચકોને કેટલાક લેખકોને, કેટલાક પત્રલેખકોને અસંતોષ રહ્યા કર્યો હશે! લેખકના અસ્વીકાર માટે કોઈકને ક્યારેક માઠું પણ લાગ્યું હશે. સામયિક ચલાવવામાં આમ ન બને તો જ નવાઈ.

સ્વ. પરમાનંદભાઈ કાપડિયા અને સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ કરતાં મારી મર્યાદાઓ, સમય, શક્તિ, રુચિ, દૃષ્ટિ ઈત્યાદિની દૃષ્ટિએ ઘણી વધારે છે. એ વિશે હું પોતે પણ સભાન છું. સ્વ. ચીમનભાઈની જેમ મારી પાસે પણ 'પ્રબુદ્ધ જીવન' માટે આવતી બધી જ સામગ્રી વાંચી જવા જેટલો સમય, અન્ય રોકાણોને કારણે રહેતો નથી વળી વાંચકો, લેખકો વગેરેના આવતા પત્રોના જવાબ પણ હું આપી શકતો નથી. સ્વ ચીમનભાઈની જેમ મારો પણ ઘણો બધો ભાર સંપાદન સમિતિએ ઉપાડી લીધો છે. આમ છતાં વાચકોને, અને લેખકોને કે પત્રલેખકોને જે કંઈ અસંતોષ થયો હોય તે માટે ક્ષમા પ્રાર્થીએ છીએ.

વૈચારિક પત્રોનું કામ વાચકોને માહિતી આપવા સાથે દૃષ્ટિ પણ આપવાનું છે. પ્રબુદ્ધ જીવન' દ્વારા થોડાક વાચકોનો પણ જીવન પ્રત્યેનો અભિગમ વધુ ઉચ્ચ, ઉદાત્ત અને દૃષ્ટિસંપન્ન બન્યો હશે તો તેનું પ્રકાશન કૃતાર્થ ગણાશે!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મઝહબ નહીં સીખાતા.....

કુ જ્યોતિબેન પ્રતાપરાય શાહ ભાવનગર

માનવ સંસ્કૃતિનાં ઈતિહાસની અમર પંક્તિઓને ઉકેલીએ તો લાગે છે કે પથ્થર યુગથી માંડીને તે આજના અણુયુગ સુધીના ઈતિહાસમાં માનવ જાતિની ઉન્નતિ, ઉત્ક્રાન્તિ અને પ્રગતિ માટે વિશ્વનાં બધા જ ધર્મોએ માણસને સત્ય, અહિંસા, પ્રેમ, શિસ્ત. ચારિત્ર્ય શાંતિ અને એકતાનો સંદેશ આપ્યો છે. શ્રી શુકદેવજી ભાગવતમાં લખે છે. "ધર્મ જનતાના વેર-ઝેર દૂર કરી જીવનમાં ધ્યેય આપે છે" બાઇબલમાં પણ લખ્યું છે માણસની કોઇ પણ પ્રવૃત્તિ અન્યનાં આત્માનો સંતોષ છીનવીને થવી ન જોઇએ" 'કુરાનેશરીફ' પણ જણાવે છે. "હે ખુદાના ફરજંદ! પૃથ્વી પર જઈને તારે પ્રાણી માત્રને સ્નેહ આપવાનો છે." 'ગૌતમ બુદ્ધ' 'ઈસુખ્રિસ્ત,' 'મહંમદ પયગંબર' અને 'મહાવીર સ્વામીએ' પણ 'વેરથી વેર શમે નહિ જગમાં,' 'પ્રેમથી પ્રેમ વધે જીવનમાં,' એ જ બોધ આપ્યો છે ને! રાજ્ય સિંહાસનને બદલે વનવાસ ભોગવતો 'રામ' અને તેમાંથી સર્જાતી 'રામાયણ' શ્રી રામની કુટુંબ તરફની લાગણી, વફાદારી અને કર્તવ્ય નિષ્ઠા જ બતાવે છે ને! 'મહાભારત', 'વેદ' અને 'ઉપનિષદ' પણ પ્રાણી-માત્રની મૈત્રી અને 'જીવો તથા જીવવા દો'ની જ પ્રેરણા આપે છે.

વિવિધ ધર્મગ્રન્થોને આધારે એ વાત સ્વયંસિદ્ધ થાય છે કે ધર્મ દ્વારા માણસને ક્યારેય એકબીજાના સાથે અંદરોઅંદર લડીને વેર બાંધવાનું શિક્ષણ મળ્યું જ નથી. અલબત એ પણ હકીકત છે કે મધ્યકાલીન યુગથી તે આજસુધી માણસ ધર્મને નામે લડતો જ આવ્યો છે, એરીસ્ટોટલ 'ધર્મને કારણે થતા સંઘર્ષ માટે માણસના વિકૃત માનસને જવાબદાર ગણે છે, 'જહોન ડયુઈ,' 'ડી ક્વીન્સી' 'સોક્રેટીસ' અને ફ્રેન્ચ તત્વચિંતક 'રુસો' જણાવે છે. "જગતમાં માણસ જ એક એવું પ્રાણી છે, જે અર્થનો પણ અનર્થ કરી શકે છે. ધર્મનાં આચરણમાં પણ આવું જ બન્યું છે અને તેનું પરિણામ આવ્યું છે હિંસક આંદોલનોમાં! ધર્મનાં માધ્યમ દ્વારા માણસ-માણસ વચ્ચે વેર ઝેર કેવી રીતે વધ્યા છે તે 'સંતકબીરે' ખૂબ જ સુંદર રીતે સમજાવ્યું છે. તેઓશ્રીએ કહ્યું છે કે પુષ્પોનાં અનેક નામોની જેમ પ્રભુના પણ અનેક નામો છે. રામ-રહીમ નાથ, ઇશ્વર કે અલ્લા આખરે એક જ છે. રામને ભજનાર ભક્તિ કરે છે. મહાવીરને માનનાર પૂજા કરે છે. અલ્લાને માનનાર બંદગી કરે છે. પૂજા, સેવા, ભક્તિ કે બંદગી કરનાર દરેકનું ધ્યેય આત્મિક શાંતિ મેળવવાનું છે. પોતપોતાના રસ-રૂચિ, સગવડ અને કૌટુંબિક ખ્યાલો પ્રમાણે દરેક વ્યક્તિ ઇશ્વરનું એક સ્વરૂપ પસંદ કરે છે અને તેને પોતાના શ્રદ્ધેયમૂર્તિ સમજી તેમાંથી પ્રેરણા મેળવે છે. આ પસંદગી ખૂબ જ સ્વાભાવિક છે, કારણ કે બધા જ સ્વરૂપોને સમજવાની, અપનાવવાની, ભજવાની કે પ્રસન્ન કરવાની શક્તિ સામાન્ય રીતે દરેક વ્યક્તિમાં હોતી નથી. આ એક માનવીની સમજી શકાય તેવી મર્યાદા છે. માનવીએ સ્વેચ્છાએ મનથી જ નક્કી કરેલી આ માન્યતા પણ યોગ્ય લાગે છે, કારણ કે ધર્મની સાથોસાથ માનવીની પોતાની જાત તરફ, કુટુંબ તરફ અને સમાજ તરફ ઘણી મોટી જવાબદારી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. આ બધી જ જવાબદારીઓમાંથી મુક્ત થઇને માનવી ચોવીસ કલાકમાંથી માંડ એકાદ કલાક ધર્મ માટે ફાળવી શકે છે. હવે મહામુશ્કેલીએ મેળવેલા આ સમયમાં વ્યક્તિ પોતાની આસપાસના બધા જ મંદિરો, દેવળો, મસ્જિદો અને અન્ય દેવસ્થાનોમાં જવા દોડશે તો શું તમને લાગે છે કે તેને કોઇ પ્રેરણા કે શાંતિ આ દોડધામ વચ્ચે પ્રાપ્ત થશે? આ ઉપરાંત ઉચ્ચ આધ્યાત્મિક દૃષ્ટિકોણ જગતને અર્પનાર આપણા સંતો અને વિદુષી સતીઓએ પણ એક સ્વરૂપને જ પસંદ કરીને અગમ તત્વોની શોધ કરી છે ને? 'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ' એમ ગાનાર મીરાને કે પછી ચિત્રકુટના ઘાટ પર શ્રી રઘુવીરનુ તિલક મેળવનાર તુલસીદાસજીને દુનિયા આજે પણ યાદ કરે છે.

મારા અને તુલસીદાસજીના જીવન પરથી એ બાબત સ્વયંસિદ્ધ થાય છે કે ઇશ્વરનાં અન્ય સ્વરુપો કે તેનાં આરાધકોની અવગણનાં કર્યા વગર નિખાલસતાથી, શ્રદ્ધાથી, 'સર્વધર્મ સમાન છે'તેવી ઉદાર દૃષ્ટિ કેળવી કાઇ એક સ્વરુપને પોતાની આરાધનાનું પ્રતિક માનવું. તે આધ્યાત્મિક બનવાની પાયાની શરત. શુદ્ધ આધ્યાત્મિક જીવન જીવનાર અન્ય ધર્મ કે ધર્મીની ટીકા–ટીપ્પણમાં ઇશ્વરરુપી પરમ તત્વની માનહાનિના દર્શન કરે છે. લોકલાડીલા નરસિંહ મહેતાએ પણ કહ્યું છે, 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જુજવે રુપે અનંત ભાસે ઘાટ ઘડિયા પછી નામ રુપ જુજવા, અંતે તો હેમનુ હેમ હોવે.'

અલૌકિક જીવન જીવનાર નરસિંહ આ પંક્તિમાં સમજાવે છે કે એક સોનાની લગડીમાંથી તેના જુદા જુદા ઘાટ ઘડીએ તેથી કોઇ માત્ર 'સોનામાંથી અંગડી, હાર, બાજુ કે પોચો' એમ નામ બદલવાથી સોનું બદલાતું નથી. તે બધાજ સમજે છે. મુળવસ્તુ એકની એક જ છે. જેમ આ વિવિધ ઘાટને ગાળવાથી તેમાંથી મૂળ સુવર્ણ જ મળવાનું છે તે નિર્વિવાદ છે, તે જ રીતે આખા બ્રહ્માંડમાં ઇશ્વર એક જ છે. પરંતુ સોનાના જુદા જુદા ઘાટની જેમ તેના નામ અથવા સ્વરૂપ અલગ-અલગ છે આ એક સનાતન સત્ય છે, પરંતુ માણસનું સંકુચિત અને પૂર્વગ્રહોથી ભરેલું જડ, અજ્ઞાની અને જક્કી માનસ આ સત્યની ઉપેક્ષા કરે છે અને તેથી જ તે કહે છે કે હું જે ધર્મ અપનાવું, જે સ્વરુપને ભજુ તે જ સાચો ધર્મ છે, અને તે જ ઈશ્વર છે. અન્ય ધર્મો ખોટા છે અને ઈશ્વરના સ્વરુપો પણ શક્તિહીન છે. માનવીની આ જડ માન્યતા જ વેરનું કારણ બને છે. ધીમે ધીમે વેરનું બીજ વટવૃક્ષમાં પરિણમે છે અને પરિણામે ધર્મના આચરણ પ્રમાણેનો અલગ અલગ સમાજ અસ્તિત્વમાં આવે છે ઉપસ્થિત થએલા આ દરેક સમાજની માની લીધેલી સંપૂર્ણતાં એકબીજા સાથે ટકરાય છે અને પરિણામે અંદરો-અંદર જુદા-જુદા ધર્મના લોકો એકબીજા સાથે સંઘર્ષ કરે છે. પોતાના ધર્મ દ્વારા પોતાનું પ્રભુત્વ વધારવા માટે સંઘર્ષના આ સંસ્કાર બાળકને ગળથુથીમાંથી જ અપાય છે અને તેથી હિન્દુનું બાળક મુસ્લિમના સંતાન સાથે રમતું નથી, ભણતું નથી કે નથી રહેતા બે ધર્મના યુવાનો વચ્ચે પણ કોઈ સબંધ! વેરની આ આગ રોજબરોજ વધતી જાય છે અને તેમાંથી સર્જાય છે, હિંસાની હોળીઓ, કોમી રમખાણો અને વહે છે લોહીની નદીઓ! કોઈ પતિ ગુમાવે છે, કોઈ ગુમાવે છે પુત્ર! કોઇનું ઘર લુંટાય છે, કોઇ તો વળી રોજગારીના સાધનો જ ગુમાવી બેસે છે.

આ કોમી રમખાણોથી લાખોની જાનહાનિ અને કરોડોનું નુકશાન થાય છે. આર્થિક ક્ષેત્રે, કોમી રમખાણો-કાર્ય-બંધ-ઓછું ઉત્પાદન-કારીગર નિવૃત્તિ-બેકારી-ગરીબી-નીચા જીવનધોરણનું વિષચક્ર શરુ થાય છે તો પછી સામાજિક સ્તરે ભૂખમરો-ચોરી લુંટફાટ-આપઘાતો-



For Private And Personal Use Only

કોલગર્લ્સ-પ્લેબોય અને પ્રોબ્લેમ ચાઈલ્ડની સમસ્યા-કલા સંસ્કૃતિનો નાશ-લાગણી શૂન્ય પ્રજા-વ્યક્તિનિષ્ઠ સમાજ દેશના કલંક સમા વૃદ્ધાશ્રમોનો વૃદ્ધિ-લઘુતાગ્રન્થી અને ગુલામી માનસ-હોશ ધાગામ રાચતુ જીવન અશ્લિલ ચલચિત્ર અને સાહિત્ય તરફનું વલણ વ્યસનોની વૃદ્ધિ-વ્યથિત યૌવન-હડતાલો-નેતાગીરી પર અવિશ્વાસ-વિનાશક પ્રવૃત્તિઓનો સ્વીકાર લોહીનો વેપાર-મજુર માલિકના આંદોલનો-હડતાલો-બેકારી અને પુનઃ પુન સર્જાતું સમસ્યાઓનું વિષચક્ર !

આ સળગતી સમસ્યાઓ આપણા સમાજ લોકશાહી દેશને છિન્નભિન્ન કરી નાખે તે પહેલા આપણે સહુએ જાગૃત બનવાની જરૂર છે. જેના ઘટમાં ઘોડા થનગને છે, જેનો આતમ પાંખ વીંઝે છે. જેનામાં તોફાન સામે પણ ટક્કર ઝીલીને ટટ્ટાર ઉભા રહેવાની તાકાત છે. તેવા યુવાનોએ જાગૃત બની એક બની સ્વામી વિવેકાનંદજીએ બતાવેલ વૈચારિક અને માનસિક જાગૃતિ દ્વારા આધ્યાત્મિક ક્રાન્તિની આતશ પ્રજ્વલિત કરવાનો સમય હવે આવી ગયો છે.

જેઓ ધર્મનાં નામે ધર્માંધતા આચરી સમષ્ટિના હિતને બદલે પોતાના સ્વાર્થ માટે ધર્મનો ઉપયોગ કરે છે, પોતાના ધાર્મિક જ્ઞાનનો દુરૂપયોગ કરી પોતાના અનોખા વ્યક્તિત્વ દ્વારા ભોળી જનતાના અજ્ઞાનનો ગેરલાભ ઉઠાવી તેમને સંઘર્ષના માર્ગે વાળે છે પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે રોજબરોજ બિલાડીના ટોપની જેમ નવા-નવા ધાર્મિક સંપ્રદાયોનું સર્જન કરે છે. પોતાનો પક્ષ મજબૂત કરવા યુવાનોને ઉશ્કેરીને કોમી રમખાણો કરાવે છે, તેવા વ્યક્તિત્વો સામે હિંમતપૂર્વક, કોઈની પણ શેહ-શરમમાં દબાયા વગર શિસ્ત, ચારિત્ર્ય અને વિવેકબુદ્ધિ દ્વારા, શામ-દામ ભેદ અને દંડની નીતિ અપનાવી આવા મતલબી જૂથોનું વ્યક્તિત્વ કેટલું પોકળ છે. તે સાબિત કરી તેઓ જેવાં છે તેવાં જ જનતા સામે રજુ કરી દેવા, તે જ આ યુગનું એક શ્રેષ્ઠ કર્તવ્ય છે. તેનાં દ્વારા જ આપણે ધર્મ-પંથ-સંપ્રદાય-નાત-જાત-જ્ઞાતિ-છોળ એવાં સંકુચિત વર્તુળોની વાડાબંધીને સ્થાને, સ્વ. કિશોરલાલ મશરુવાળાના શબ્દોમાં 'વાડાખોલી' કરી દુનિયાને એમ કહી શકીએ કે, 'મઝહબ નહી શિખાતા, આપસને બૈર રખના.'

# સાભાર સ્વીકાર

૧. સામાયિક સૂત્ર :-
લેખક :- શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ
સંપાદક :- કાન્તિભાઈ બી શાહ.
પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય. ઓગષ્ટ ક્રાન્તિમાર્ગ, મુંબઇ ૪૦૦૦૩૬.
પેઇજ ૩૧૧, કિંમત રૂા. ૨૫.
આ ગ્રંથ એ સામાયિક વિશેની ઊંડી તત્ત્વ વિચારણાનો ગ્રંથ છે મહાવીર જૈન વિદ્યાલયને ખુબ ખુબ ધન્યવાદ.

૨. જિનતત્ત્વ :- ભાગ ૨.
લેખક :- ડો. રમણલાલ ચી. શાહ
પ્રકાશક :- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪.
મૂલ્ય :- રૂા, ૨૦-૦૦ પ્રકાશક અને લેખકને હાર્દિક અભિનંદન.

— હી. ભા. શાહ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી ક્ષમાપના ક્યારે ?

પ્રફુલ્લ જે. સાવલા
સેગાઉ કચ્છ

ક્ષમાપના એટલે શું ? ક્ષમાપના એટલે આપણા આત્મા દ્વારા જગતના કોઈ પણ પ્રાણી માત્ર સાથે પછી તે ભલેને ગમે તે જાતિનો હોય અને એની સાથે આત્મિક સંબંધ હોય કે ન હોય છતાં આપણા સ્વાર્થ ખાતર આ ગમે તે રીતે મન, વચન અને કાયા દ્વારા એનું અહિત ઇચ્છયું હોય કે જાણતાં કે અજાણતાં તેનું દિલ દુભવ્યું હોય અને એ અબોલાપણામાં પરિણમ્યું હોય અને એ રાગ-દ્વેષની આગને ક્ષમા માંગી ઠારવી અને આપણાં આત્મા સાથે બીજી વ્યક્તિએ એવી જ રીતે દુઃખરૂપ ક્રિયા કરી હોય તો ઉદારદિલે ક્ષમા આપીને ભવ પરંપરાને વધારનાર એ બંધને તોડી નાખવું એનું નામ જ ક્ષમાપના.

આપણા આ જીવે અનાદિકાળથી આ રાગ-દ્વેષની ભુલભુલામણી અને ભટકાવનારી શેતરંજ-બાજી દ્વારા અનંતભવો વધારી મુકયા છે. તેમ છતાં પૂર્વના કોઈક ઉપકારીના ઉપકારો વડે સદ્‌બુદ્ધિ દ્વારા નિકાચિત કર્મોને હળવા કરી પુણ્ય ઉપાર્જન કરેલ હોવાને કારણે દેવદુર્લભ મનુષ્ય ભવ મળ્યો અને તેમાંય વળી ઉત્કૃષ્ટ પુણ્યોદયના કારણે સર્વોત્તમ એવું જૈનકૂળ મળ્યુ તેમાં વળી વીતરાગી ભગવંતોએ બતાવેલ ઉત્તમ મોક્ષમાર્ગને સાક્ષાત બતાવનારા દેવ-ગુરૂ ધર્મ મળ્યા. છતાં ઉન્નતિ તરફ પ્રયાણ કરવાને બદલે અને જે વસ્તુઓની બાદબાકી કરી શૂન્ય પરી-ણામ લાવવાને બદલે અવગતિ તરફ પ્રયાણ કરીને રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભની માયાજાળમાં ખુંપી જઇ તેનો સરવાળો અને ગુણાકાર કરી શૂન્યને બદલે એકડા પાછળ મીંડા વધારતાં જ જઈએ છીએ. કોને ખબર એ આંક કયાં જઇ અટકશે ?

આમ તો આપણે દર વર્ષે સાંવત્સરિક ક્ષમાપના દ્વારા જગતના સર્વ જીવોને જડક્રિયા દ્વારા તો ખમાવીએજ છીએ પરંતુ જે ક્રિયામાં પ્રાણ ન હોય તે ક્રિયા શુષ્ક બની જતી હોય છે વળી બીજા દિવસથી શુભારંભ કરીને જૈસે થી ની પોઝિસનમાં આવી જઈએ છીએ. એનો અર્થ એ કે ક્ષમાપનાનું રહસ્ય આપણે સમજ્યા નથી, અથવા ભલભલા દેવો, રાજા, મહારાજા-ઓને પછાડનાર ' અહં ' રૂપી જીવલેણ કેન્સરના રોગના આપણે શિકાર બન્યા છીએ, એનો જો સમયસર ઉપાય કરવામાં નહીં આવે તો આ ભવ તો બગાડે પરંતુ બીજા અનંતભવોને પણ બગડતો જાય.

પરમકૃપાળુ પરમાત્માની પાસે ત્રણલોકની સંપત્તિથી પણ અનેકગણી સંપત્તિ, વૈભવો, હોવા છતાં આપણા સૌ માટે તેમજ જગતના સૌ જીવોને બચાવવા માટે તેમણે સર્વસ્વનું ત્યાગ કરી ગરમી, ઠંડી કે મુસળધાર વરસાદ તેમજ કંટક, કાંકરા કે જીવલેણ ઉપસર્ગો સહન કરવા ઉપરાંત ઉગ્ર તપશ્ચર્યાઓ કરીને અંતે જે કેવળજ્ઞાન મેળવ્યું અને તેના દ્વારા સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુઓ નજરે જોયા પછી જગતના કલ્યાણને માટે ધર્મોપદેશ આપીને ઘણું બધું સમજાવેલ છે.

ક્ષમા આપ્યા વિના કરેલી દરેક ક્રિયાઓ પ્રાણ વિનાની જડ બની જાય છે અને એ જડ ક્રિયાઓ આપણા આત્માના કદારેય તારક બની શકતી નથી. આપણા ગૌરવવંતા જૈન ઇતિહાસ જેના આજે પણ સાક્ષી પૂરે છે. ધર્મશાસ્ત્રો દ્વારા ઘણા દૃષ્ટાંતો આપણે અવારનવાર સાંભળીએ છીએ. તેમાં અરિહંત પરમાત્માઓ સાથે ઘણા ભવો સુધી વૈરની આગથી બદલો લેવાની ભાવ-નાથી એ જીવ યેનકેન રીતે ઉપસર્ગો કરે છે. ચંડકૌશિકનું દૃષ્ટાંત ભુલાય તેમ નથી આવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો અનેક દૃષ્ટાંતો મોજુદ છે. એટલા માટે જ પરમકૃપાળુ પરમાત્માએ 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' કહીને વધારે અગ્રતાક્રમ અને મહત્વ આપ્યું છે.

જેમ વેરાન બની ગયેલ જમીનને ફરી નવપલ્લવિત બનાવવી હોય તો તેને સૌ પ્રથમ સાફ કરવી પડે ત્યારબાદ જમીનને લેવલમાં બનાવવી પડે, તેને ખેડવી પડે, તેમાં પાણી અને ખાતર નાખવું પડે, પછી બી વાવીને વાડ બનાવી રક્ષવી પડે તેવી જ રીતે અનાદિકાળથી કુટેવોના કારણે આપણા સૌનું જીવન વેરાન બનેલું રહેવાથ તે રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ સુખ, દુઃખ, વ્યસન, દંભ, પ્રપંચ, વેર વિગેરે કાંટાયુક્ત બાવળિયાઓથી ભરેલ છે. તેને નંદનવન અને શાશ્વત સુખરૂપ શાંતિનિકેતન બનાવવા માટે સૌ પ્રથમ સાફ કરવા ક્ષમાને જીવનમાં વણીલેવું જોઇએ. ક્ષમારૂપી પ્રાણ આવતાં જ ઉપર મુજબના બધા જ બાવળીયા સાફ થઇ જશે, ત્યારબાદ વિનય અને નમ્રતા દ્વારા જીવનને લેવલમાં લેવાનું છે, પછી શ્રદ્ધા સમર્પણ અને પ્રમાણિકતા વડે ખેડીને ભાવ અને ક્રિયારૂપ પાણી-ખાતરનું સિંચન કરવુ પડે, ત્યારબાદ તેમાં ધર્મ અને મોક્ષ રૂપી બી વાવીને આત્મજાગૃતિ અને તપ-જપ તેમજ નિયમો રૂપ વાડ બનાવીને રક્ષણ કરવું જોઇએ. તોજ શાશ્વત અને મુક્તિરૂપ-અનાજ લણી શકીએ. પરંતુ રાગ-દ્વેષ ક્રોધ. માન, માયા-લોભ બાવળિયા વાવીને ક્ષમા દ્વારા સાફ કરવામાં ન આવે અને ઉપર મુજબની વૈજ્ઞાનિક પ્રક્રિયા કરવામાં ન આવે તો સમજી ગયા હશું કે શું મેળવશું ?

અનંતભવોની ભ્રમણાને અટકાવનાર, મુક્તિનો મારગ સાફ કરનાર, અજ્ઞાનતા કે નિકાચીત પાપોની ઊંડી ખીણમાં ગબડી પડેલા જીવાત્માને સિદ્ધશિલાની ટોચ પર લઈ જવાની વિરાટ શક્તિ જેનામાં રહેલી છે તે ક્ષમાપનાને જીવનનો એક અનિવાર્ય અંગ બનાવવું, અર્થાત પ્રાણ સમજવુ જોઇએ.

જેમ આપણા શરીરમાંથી કોઈ અંગ અર્થાત પ્રાણ (આત્મા)ને કાઢી લેવામાં આવે તો બાકીનું સમગ્ર શરીર જડ (નિષ્પ્રાણ) બની જાય છે. પછી તેનો કોઇ અર્થ રહેતો નથી તેવી રીતે જ આપણા સૌના જીવનમાંથી જો ક્ષમા નામનું તત્વ કાઢી નાખવામાં આવે તો બાકીની સર્વ સંપત્તિ. ક્રિયાઓ, વૈભવ વિલાસયુક્ત જીવન જડ બની જાય, નકામુ બની જાય, આના ઉપરથી સમજાશે કે ક્ષમાની કેટલી જરૂરિયાત છે.

ક્ષમાના આદાનપ્રદાન માત્રથી ક્ષમા આપ્યાનો સંતોષ માનીને આપણે હવામાં તો મહેલ નથી બાંધી રહ્યા ને ! અનાદિકાળથી માનવી પોતાની જાતને શ્રેષ્ઠ માનીને જ જીવતો આવ્યો છે. પરંતુ વાસ્તવિક જીવન કાંઈ ઓર હોય છે. ડબલરોલ ભજવી ભજવીને અંતકાળે પણ પશ્ચાત્તાપના અમીઝરણાં તેનામાં પ્રગટી શકતાં નથી એ કેટલી કમનશીબી છે. જે શાસનમાં ક્ષમામૂર્તિ તિર્થંકરો થઇ ગયા અને થતાં રહેશે, જે શાસનના પ્રભાવે અજૈનો પણ કાંઇક પામી જતાં હોય અને જે શાસન ક્ષમા, અહિંસા દ્વારા જગતમાં શ્રેષ્ઠ મનાતું હોય, એજ શાસનમાં જન્મ પામીને ગર્વથી જૈન કહેવડાવનારા આપણે ક્ષમાના એક માત્ર આદર્શને નથી વણી શક્યા તો બીજા આદર્શો તો ક્યાંથી અપનાવી શકવાના ?

ગૌરવવંતા જૈન ઇતિહાસના એક એક અમર પાત્રોના જીવનચરિત્રો વાંચશું તો સાચી ક્ષમાપનાના જ્વલંત ઉદાહરણો-ચિનગારીઓ ઓતપ્રોત થયેલાં જોવા મળશે. ક્ષમાપના માત્ર બોલનારાઓ સાથે કે જેમાં કાંઇક સ્વાર્થ હોય એવી વ્યકિતઓ સાથે નથી કરવાની. ક્ષમાપના ખરેખર જેનાથી અબોલા હોય, વર્ષોનાં વેર હોય, પૂર્વભવની કોઈ દુશ્મનાવટ હોય એવા આત્માઓ સાથે કરવાની છે, અને તે પણ હંમેશને માટે મિટાવી દેવારૂપ સાચા હૃદયથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામે ચાલીને કરવાની છે. જો પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં સાચો ભાવ હશે અને ખરેખર ખેલદિલી પૂર્વક ક્ષમાં આપવા કે માંગવા જ જતો હશે તો ઓટોમેટિક સામી વ્યક્તિના મનમાં પણ પરિવર્તન આવ્યા વગર રહેશે નહીં. આજે તો પરિસ્થિતિ એટલી વણસી છે કે લખતાં દુઃખ થાય છે, આજે તો માનવી પોતાના નીજીસ્વાર્થ ખાતર સગાભાઈ કે બહેન સાથે અને તેનાથી ઉપર માતા કે પિતા સાથે છળકપટ કરી જીવનભરને માટે અબોલા હોવાના ઘણા બનાવો મોજુદ છે. જે વ્યક્તિ પોતાના કુટુંબીઓ સાથે આત્મિયતાથી નથી રહી શકતો અને નથી ખમાવી શકતો એ જગતના જીવો સાથે કયાંથી મૈત્રી સાંધવા જશે પ્રથમ ઘરથી, કુટુંબીઓને ક્ષમા આપીએ, લઈએ અને પછી બીજા સાથે સાચી ક્ષમાપનાની આપલે કરીએ.

## અભ્યાસ અંગે લોન સહાય

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને એન્જીનિયરીંગ, આર્કિટેકચર દાકતરી, ચાર્ટર્ડ એકાઉન્ટસી તથા કોસ્ટ એકાઉન્ટન્સી, બિઝનેશ મેનેજમેન્ટ, લલિતકળા, જૈન ધર્મનાં ઉચ્ચ અભ્યાસ માટે, ડિગ્રી અભ્યાસ માટે ધોરણ-૧૨ ની પરીક્ષા પસાર કર્યા પછી અને ડિપ્લોમાના અભ્યાસ માટે એસ.એસ.સી. પરીક્ષા પસાર કર્યો પછી ટ્રસ્ટના નિયમાનુસાર લોનરૂપે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મ શતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ તરફથી સહાય આપવામાં આવે છે, તે માટેનું નિયત અરજીપત્રક રૂા. ૨-૫૦ મ:ઓ. દ્વારા અથવા ટપાલ ટિકીટો મોકલવાથી નીચેના સરનામેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦ મી જુલાઈ છે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ.
C/o. શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬.

## ગુજરાતની અસ્મિતા અને માનવકલ્યાણ માટે 'જયભિખ્ખુ એવોર્ડ'

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના મંત્રી શ્રી કુમારપાળ દેસાઈ એક અખબારી યાદીમાં જણાવે છે કે વિખ્યાત જાદુગર કે. લાલ અને એમના પરિવારના સહયોગથી 'શ્રી જયભિખ્ખુ એવોર્ડ'ની સ્થાપના કરવામાં આવી છે. એવોર્ડ વિજેતા વ્યક્તિ કે સંસ્થાને પાંચ હજાર રૂપિયા તેમજ કાસ્કેટ જાહેર સમારંભમાં એનાયત કરવામાં આવશે. આ એવોર્ડ શ્રી જયભિખ્ખુને જે આદર્શ અત્યંત પ્રિય હતો તે માનવકલ્યાણની પ્રવૃત્તિ કરનાર અથવા સર્જન-ચિંતન, જ્ઞાન-વિજ્ઞાન, વાણિજ્ય-ઉદ્યોગ, સમાજસેવા અને સંસ્કૃતિના ક્ષેત્રે ગુજરાતની અસ્મિતા સમૃદ્ધ થાય એવો પુરુષાર્થ કરનાર વ્યક્તિ અથવા સંસ્થાને એનાયત કરવામાં આવશે. જયભિખ્ખુ એવોર્ડ અંગેના આવેદન પત્રો શ્રી કુમારપાળ દેસાઇ, C/o. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, એચ. એલ. કોમર્સ કોલેજ હોસ્ટેલના કમ્પાઉન્ડમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ના સરનામે પત્ર લખીને મંગાવવા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" સંસ્થાને અપાતું દાન G-15 મુજબ ઇન્કમટેકસ મુક્ત છે "

# શ્રી ગઢડા મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ

ગઢડા (સ્વામીના) પીન ૩૬૪૭૫૦

લોહીના આંસુથી રડી રહેલા તડફડીને મૃત્યુના મુખમા ધકેલાતા ભૂખ્યા મૂંગા જીવોને અભયદાન આપવા નમ્ર વિનંતિ.

માનવી પાણીના ટીપા માટે વલખા મારી રહેલ છે અને જાનવરો ઘાસચારા અને પાણીના અભાવે રીબ.ઇને મૃત્યુના મુખે જાય તે પહેલા અભયદાનનું અવર્ણીય પૂન્ય પ્રાપ્ત કરવા વિનંતિ.

પાણી મેળવવા માટે પાંજરાપોળની કેરાળા અને હોળાયા ફાર્મ ઊપર છ સ્થળે બોર કરી જોયા તેમજ પાંચ કૂવા પણ કરાવ્યા પરંન્તુ પાણી મળી શકયુ નથી જેથી ટ્રેકટરો દ્વારા બહારથી પાણી લાવી હોજ અને અવેડીમાં ભરી જાનવરોને પાણી પીવડાવવામાં આવે છે.

પરંન્તુ કુદરતની ખફાથી છેલ્લા ચાર વરસથી સૌરાષ્ટ્ર. કચ્છ અને ગુજરાત ઉપર કુદરત રૂઠી છે. ધરતીમાંથી ઘાસ અને પાણી આપવાને બદલે ગરમ વરાળ નીકળે છે અને ચારે તરફથી વલોપાત ડરામણો બનીને આશાનો ભુક્કો બોલાવી રહેલ છે અને નિર્દોષ જાનવરોના જીવની સાથે કારમો ખેલ ખેલી રહેલ છે.

દુષ્કાળનું સ્વરૂપ ભયંકર છે, અબોલ પ્રાણીઓની આખો અશ્રુથી ભરાઈ ગઈ છે અને ઘાસ માટે વલખા મારી ઢળી પડે છે. પીવાના પાણી અને ઘાસચારાની તીવ્ર તંગી છે. મોંઘવારીએ માઝા મુકી છે રોજનો રૂપિયા ૧૫૦૦૦નો ખર્ચ છે.

અમો જાણીએ છીએ કે પશુધનને કસાઈ પાસે જતા અટકાવીને અભયદાન અપાવવા છેલ્લા ચાર વરસથી અમોને અવિરત નાંણાકીય સહાય આપીને ભગીરથ કાર્યમાં સહભાગી બની પ્રોત્સાહીત કરેલ છે.

આવા કપરા સમયમા ઘાસ ખરીદવા માટે બેંકોની તેમજ ગુજરાત ફેડરેશનની અને વેપારી ભાઈઓની લોન લઇ બહારથી ઘાસ અને પાણી લાવી પશુઓને નિભાવી રહેલ છીએ, ચાલુ વરસના આવનાર બે માસ ખુબજ કઠિન હોવાથી ઘાસ અને પાણી માટે તાત્કાલિક દાન આપી અબોલ પશુઓને અભયદાન અપાવી અવર્ણીય પૂન્ય પ્રાપ્ત કરી સુખી થાવ તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

આજની ઉદાર સહાય તેજ આવતી કાલે પશુઓને શ્રદ્ધા તૃપ્તની નિમિત્ત બનશે, આપ અનુકુળતા મેળવીને એક વખત સંસ્થાની મુલાકાતે આવો તો અમારા કાર્યનો આંખે દેખ્યો અહેવાલ જોવા મળે

—. દાન મોકલવાનું મુંબઈ ઓફીસનું સ્થળ :-

ટ્રસ્ટી મંત્રી :- જયંતીલાલ એન. ડેલીવાળા ૮૦ એ-બી, ઝવેરીબજાર, પટવાચાલ, મમ્માદેવી મંદિર પાસે, ગ્રાઉન્ડ ફ્લોર. ઓ.ટે. ૩૧૭૬૬૦ મુંબઇ-૪૦૦૦૦૨ ઘર ટે. ૮૨૨૨૨૬૭

---

## આવતો અંક હવે પછી

શ્રી આત્માનંદ પ્રકાશનો આવતો અંક તા. ૧૬-૮-૮૯ના રોજ બે માસનો સંયુક્ત અંક બહાર પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# GOLDEN SENTENCES

1. The best way to succeed in life is to act on the advice you gvie to others.

જિંદગીમાં ફત્તેહ મેળવવા માટે સૌથી સરસ માગ તો એ છે કે, જે શિખામણ તમો બીજાને આપો છો તેનો પ્રથમ તમે અમલ કરતાં શીખો.

2. Pure charity is the desire to be ureful to others without thought of recompense.

બદલો મેળવવાના વિચાર વિના બીજાને ઉપયોગી થાઓ એ જ ઇચ્છાથી અપાયેલું દાન શુદ્ધ દાન કહેવાય છે.

3. The great aim of education is not knowledge but action.

શિક્ષણ લેવાનો મુખ્ય હેતુ માત્ર જ્ઞાન પ્રાપ્તિ નથી પણ આચરણ છે.

4: The whole science of the life is to avoide sowing the seeds of regret.

દુઃખના વૃક્ષને ઉત્પન્ન કરનાર પાપરૂપ બીજ હોય છે. માટે પાપની ખેતીને તિલાંજલી આપવી એ જ જિંદગીમાં પ્રાપ્ત કરવા લાયક સાચું પદાર્થ વિજ્ઞાન છે.

5. Religion is a rime pnecessity for all.

ધર્મ એ સૌને માટે અત્યંત જરૂરી વસ્તુ છે.

6. Care more for others than for yourself.

તમારી જાત કરતાં બીજા માટે કાળજી વધુ રાખો.

માનસિક પવિત્રતા એ મોટા માણસ થવા માટે સૌથી ઉપયોગી વસ્તુ છે.

પૈસા કરતાં સદ્ગુણો માટે વધુ કાળજી રાખો.

ઇન્દ્રિયોના વિષયો ઉપર કાબૂ મેળવવો એટલે સ્વર્ગ તમારી હથેળીમાં છે.

જેવો વર્તાવ તમો બીજા પાસે કરાવવા માગતા હો તેવું વર્તન તમો બીજા પ્રત્યે કરો.

મોટી મોટી વાતો કરવા કરતાં થોડુંક પણ કરી બતાવવાની કીંમત ઘણી છે.

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only